# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભા માટેનું મતદાન શરૂ.

2) ચૂંટણી પંચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પ્રધાનમંત્રી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી બદલ નોટિસ ફટકારી.

3) આવતા મહિનાથી લાગુ થનારા ઓનલાઈન ગેમિંગના નિયમો જાહેર.

4) બદ્રીનાથના કપાટ આજે વહેલી સવારે ખુલ્યા.

5) હોર્મુઝ સ્ટ્રેટમાં ઘેરાબંધીનો મુદ્દો વધુ ઉગ્ર બન્યો.

6) IPLમાં આજે, મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ELECTION

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કાનું મતદાન અને તમિલનાડુમાં એક જ તબક્કાનું મતદાન શરૂ થઈ ગયું છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કામાં 16 જિલ્લાઓની 152 બેઠકો આવરી લેવામાં આવશે. કુલ 1,478 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. 152 મતવિસ્તારોમાં કુલ 44 હજારથી વધુ મતદાન મથકો પૈકી 7 હજાર 384 મતદાન મથકો અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. આ તબક્કામાં ત્રણ કરોડ સાઠ લાખ મતદાતાઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(BYTE: શક્તિ 20:14)

જ્યારે તમિલનાડુમાં, રાજ્યની તમામ 234 વિધાનસભા બેઠકો માટે સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી ચૂંટણી યોજાશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(BYTE: MUDITA 20:14)

દરમિયાન, મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે બંને રાજ્યોમાં તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

ચૂંટણી પંચે પહેલાથી જ અધિકારીઓને જનતાને પ્રલોભન-મુક્ત ચૂંટણી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. અમલીકરણ પ્રવૃત્તિઓ સંબંધિત ફરિયાદોના નિવારણ માટે જિલ્લા ફરિયાદ સમિતિઓની પણ સ્થાપના કરવામાં આવી છે.

# ELECTION COMMISSION – MALLIKARJUN

ચૂંટણી પંચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરીને આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ નોટિસ ફટકારી છે. શ્રી ખડગેએ તમિલનાડુના ચેન્નાઈમાં એક પત્રકાર પરિષદમાં આ ટિપ્પણી કરી હતી.

પંચે શ્રી ખડગે પાસેથી 24 કલાકની અંદર જવાબ માંગ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને અન્ય પક્ષના અધિકારીઓ તરફથી ફરિયાદ મળ્યા બાદ આ નોટિસ જારી કરવામાં આવી છે. પંચે જણાવ્યું કે, પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે કોંગ્રેસ પ્રમુખે MCC ની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે.

# ONLINE GAMING RULES 2026

સરકારે ઓનલાઈન ગેમિંગના પ્રમોશન અને નિયમન નિયમો, 2026 ને સૂચિત કર્યા. જે 1 મેથી અમલમાં આવશે. આ નિયમોનો ઉદ્દેશ ઓનલાઈન ગેમિંગનું નિયમન કરવાનો, નાગરિકોનું રક્ષણ કરવાનો, નાણાકીય વ્યવસ્થાને

સુરક્ષિત કરવાનો, સંકલિત અમલીકરણને સક્ષમ કરવાનો અને વપરાશકર્તા અધિકારોને જાળવી રાખવાનો છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(BYTE: NEW SAKLEN 20:38 16)

# BADRINATH

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા બદ્રીનાથ ધામના કપાટ આજે યાત્રાળુઓ ખુલી ગયા છે. જિલ્લા વહીવટીતંત્રે યાત્રાળુઓ માટે સલામત યાત્રા સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે.

ગઈકાલે કેદારનાથ ધામના કપાટ યાત્રાળુઓ માટે ખોલવામાં આવ્યા હતા, જ્યારે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોની યાત્રા સરળતાથી ચાલી રહી છે.

# HOLY RELICS - LADAKH

તથાગત ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ લઈ જવામાં આવી રહ્યા છે આ પહેલી વાર છે જ્યારે આ પવિત્ર અવશેષો દેશની અંદર પ્રદર્શન માટે તેમના કાયમી સ્થાનથી બહાર નીકળશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાની હાજરીમાં એક પત્રકાર પરિષદ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રદર્શન આગામી મહિનાની પહેલી તારીખથી શરૂ થતા

**15 દિવસ સુધી ચાલવાનું છે. અવશેષોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે Z-શ્રેણી સુરક્ષા સાથે ખાસ વિમાન દ્વારા પરિવહન કરવામાં આવશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IRAN - HORMUZ

**ઈરાનની નૌકાદળની નાકાબંધી વધુ તીવ્ર બનતા હોર્મુઝ સ્ટ્રેટમાં અસ્થિર ગતિરોધ વધુ ઘેરો બન્યો છે.**

**છેલ્લા કેટલાક કલાકોમાં હોર્મુઝ સ્ટ્રેટમાં અસ્થિર ગતિરોધ વધુ ઘેરો બની રહ્યો છે કારણ કે ઈરાન પર નૌકાદળનો નાકાબંધી વધુ તીવ્ર બની રહી છે.**

**ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે જણાવ્યું છે કે તેણે જાહેર કરાયેલા દરિયાઈ બાકાત ક્ષેત્રમાં "વ્યવસ્થા અને સલામતીમાં ખલેલ પહોંચાડવા" બદલ બે કન્ટેનર જહાજો જપ્ત કર્યા છે.**

દરિયાઈ દેખરેખ એજન્સીઓએ પણ અહેવાલ આપ્યો છે કે ઓમાનના દરિયાકાંઠે ત્રીજા જહાજ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેના કારણે તેના પુલને નોંધપાત્ર નુકસાન થયું હતું, જોકે કોઈ જાનહાનિની પુષ્ટિ થઈ નથી.

જ્યારે અમેરિકા એ જણાવ્યું છે કે, તે ઈરાન સાથેના બે અઠવાડિયાના યુદ્ધવિરામ માળખાની સમાપ્તિ છતાં તેની વર્તમાન નૌકાદળ સ્થિતિ જાળવી રાખશે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જ્યાં સુધી વ્યાપક કરાર ન થાય ત્યાં સુધી દબાણ ચાલુ રહેશે, જ્યારે એ પણ સૂચવ્યું કે "ઈરાન  સાથે સકારાત્મક મધ્યસ્થી પ્રયાસો" આગામી 72 કલાકમાં વાટાઘાટો તરફ દોરી શકે છે.

# LABANON –JOURNALIST KILLED

દક્ષિણ લેબનોન પર ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા લેબનીઝ પત્રકારનો મૃતદેહ હુમલાના કલાકો પછી કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. દૈનિક અલ-અખબારએ પુષ્ટિ આપી હતી કે તેના પત્રકાર, અમલ ખલીલ, દક્ષિણ ગામ અલ-તિરી પરના હુમલામાં માર્યા ગયા હતા. માહિતી પ્રધાન પોલ મોરકોસે પણ ખલીલના મૃત્યુની પુષ્ટિ કરી હતી.

ખલીલ ઓક્ટોબર 2023 માં શરૂ થયેલા ઇઝરાયલ-હિઝબુલ્લાહ યુદ્ધનું કવરેજ કરી રહ્યા હતા અને દક્ષિણ લેબનોનના વિવિધ ભાગોમાંથી સંઘર્ષ પર રિપોર્ટિંગ કરી રહ્યા હતા.

# WOMENS T- 20

જોહાનિસબર્ગમાં રમાયેલી ત્રીજી મહિલા ટ્વેન્ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ગઈકાલે રાત્રે દક્ષિણ આફ્રિકાએ ભારતને 9 વિકેટથી હરાવ્યું. 193 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દક્ષિણ આફ્રિકાએ 16 ઓવર અને 3 બોલમાં 1 વિકેટ ગુમાવીને 193 રન બનાવ્યા.

દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાડટે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 192 રન બનાવ્યા. પાંચ મેચની શ્રેણીમાં ભારત 0-3 થી પાછળ છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે ગઈકાલે રાત્રે લખનૌ સુપર જાયન્ટ્સને 40 રનથી હરાવ્યું. લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે 160 રનના લક્ષ્યાંક સામે , લખનૌ સુપર જાયન્ટ્સ 18 ઓવરમાં ફક્ત 119 રન બનાવી શક્યું. લખનૌએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

પ્રથમ બેટિંગ કરતા, રાજસ્થાન રોયલ્સે 20 ઓવરમાં છ વિકેટે 159 રન બનાવ્યા. આ જીતથી રોયલ્સ સાત મેચમાં 10 પોઈન્ટ સાથે બીજા સ્થાને પહોંચી ગયું,. બીજી તરફ, લખનૌ સુપર જાયન્ટ્સ -LSG સતત ચોથી હાર બાદ 9મા સ્થાને રહ્યું. રવિન્દ્ર જાડેજાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે, મુંબઈ ઈન્ડિયન્સ સાંજે 7.30 વાગ્યે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોમાં ભારતના જહાજને ઈરાને રોક્યું અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે યુદ્ધ વિરામ લંબાવ્યો તે અંગેના સમાચાર હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે – ભારતના જહાજ પર ઇરાનનો ગોળીબાર – કબજો
- સંદેશ લખે છે – ગુજરાત આવતા જહાજ પર ઇરાનનો હુમલો
- નવગુજરાત સમયે ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફી યુદ્ધ વિરામ લંબાવ્યો: ઇરાને કહ્યું અમે વિચારીશું આ સમાચારને હેડલાઇન બનાવી છે.
- સબરીમાલામાં પરંપરા જરૂરી, તે નક્કી કરવું મુશ્કેલ:સુપ્રીમ કોર્ટ આ સમાચારને દિવ્ય ભાસ્કરે પહેલા પાને લીધા છે
- અમદાવાદ રેલ્વે વિભાગમાં બ્લોક:4 ટ્રેન રદ્દ રહેશે, પાંચ ટ્રેન મોદી પડશે આ સમચારને સંદેશે છેલ્લા પાને આવરી લીધા છે.
- સ્થાનિક સમાચારોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આરોપ પ્રતિઆરોપનો દોરના સમાચાર વાંચવા મળી રહ્યા છે.

--------------------